# વાત ગાંધીનગરની

ખુશનુમા વાતાવરણમાં આરંભાયેલ રવિવાર સૌ શહેરીજનોએ ઘરમાં જ પસાર કર્યો. જો કે સાંજે થોડીક ચહલપહલ દેખાતી હતી. પરંતુ હોટલ હોય કે હોસ્પિટલ, મંદિર હોય કે મોલ વીસ ટકાની આસપાસ જ અવરજવર રહે છે.

**મુક્તિધામમાં વિક્રમી અગ્નિ સંસ્કાર**

ગાંધીનગરનું અંતિમધામ મુક્તિધામે આજે એક નવો વિક્રમ સ્થાપ્યો છે. ગઈકાલે એટલે કે શનિવારે સાંજે પાંચ વાગ્યાથી રવિવારે સાંજે પાંચ વાગ્યા સુધી અર્થાત છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ મૃતદેહોના અગ્નિ સંસ્કાર થયા છે. ગાંધીનગરના મુક્તિધામના ઈતિહાસમાં પ્રથમ વખત સૌથી વધુ અગ્નિ સંસ્કાર થયા છે. છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી પણ મૃતદેહોને અગ્નિ સંસ્કાર માટે અહીં લવાય છે. આ ઉપરાંત કોરોનાકાળમાં સિવિલ હોસ્પિટલ, આશ્કા હોસ્પિટલ અને એપોલો હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનારાઓના મૃતદેહોને પણ અહીં લવાય છે. એટલે મુક્તિધામમાં ઘણી વખત અગ્નિસંસ્કાર માટે પ્રતિક્ષા કરવી પડે છે.

**ગાંધીનગરનો મૃત્યુદર હજુ વધારે જ છે**

અનલોક-૧ થી ગાંધીનગરના મૃત્યુદરમાં અને રીકવરીદરમાં ઉછાળો જોવા મળ્યો છે. શહેર અને જિલ્લામાં છેલ્લા બે માસમાં એટલે કે ૬૦ દિવસમાં કોરોનાના ૧૪૦૦ દર્દીઓ નોંધાયા છે જેમાંથી જિલ્લાતંત્રોની યાદી મુજબ ૭૫ મૃત્યુ નોંધાયા છે. અર્થાત ૫.૩૫ ટકાનો મૃત્યુદર ગાંધીનગરના નામે બોલે છે જે દેશ અને ગુજરાત કરતાં વધારે ગણી શકાય. સાથોસાથ રીકવરી રેટ પણ નોંધપાત્ર રહ્યો છે. ૧૪૦૦ થી વધુ દર્દીઓમાંથી ૯૧૪ દર્દીઓ કોરોનાને મ્હાત આપી શક્યા. અર્થાત ૭૪.૩૫ ટકા રીકવરી રેટ ગણી શકાય.

**અનલોક-૩ માં જીમ અને થિયેટર ખૂલશે**

આગામી ૧લી ઓગષ્ટથી અનલોક-૩ આરંભાશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર નવી ગાઈડલાઈન જાહેર કરશે. જેમાં ખાસ કરીને જીમ અને થિયેટર ખોલવાની દરખાસ્ત પર ગંભીરતાથી વિચાર થઈ રહ્યો છે. દેશભરના જીમ સંચાલકો અને થિયેટર માલિકોએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારો પર દબાણ લાવવાનુ શરૂ કર્યુ છે. મળતી માહિતી મુજબ સરકાર થિયેટરમાં ૩૦ ટકા પ્રવેશને મંજૂરી આપવા માંગે છે જ્યારે થિયેટર માલિકો ૫૦ ટકાની મંજૂરી માંગે છે અને જીમમાં પણ આવી જ ગુંચ હજી ઉભી છે. કદાચ એકાદ-બે દિવસમાં સંમતિ સધાઈ જશે અને નવી ગાઈડલાઈન ૨૯મી કે ૩૦ મીએ જાહેર થશે.

**શ્રાવણના સેલ પણ ફિક્કા**

રક્ષાબંધન પૂર્વે પરંપરાગત આરંભાતા સેલ શહેરના બજારોમાં શરૂ થઈ ચૂક્યા છે. જાતજાતની ઓફરો સાથે સેક્ટર-૨૧, ઈન્ફોસીટી, કુડાસણ જેવા મુખ્ય-મુખ્ય બજારોમાં સેલના પાટીયા લાગ્યા છે પરંતુ કોરોનાના ગ્રહણથી સેલની કોઈ અસર બજારમાં હજુ વર્તાતી નથી. આવશ્યક ન હોય તેવી વસ્તુઓ ખરીદવામાં સહેજેય ઉત્સાહ નાગરિકોમાં જોવા મળતો નથી એટલે પર્વોની ઉજવણી પણ સાવ ફીક્કી રહેશે તેના અણસાર અત્યારથી જ આવવા લાગ્યા છે.

**'અર્ક' આજનો...**

'હસી' જવાથી અને 'હટી' જવાથી ઘણા બધા પ્રશ્નોનો અંત આવી જાય છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૭ કેસ નોંધાયા

## જિલ્લાના વધુ બે દર્દીઓના સારવાર દરમ્યાન મોત : ગાંધીનગરમાં ૧૦, કલોલમાં ૫ અને માણસામાં બે કેસ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૭ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત થયા છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના નારદીપુર ખાતે રહેતા એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. નારદીપુરમાં કોરોનાથી આ બીજુ મોત થતાં આજે ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના પેથાપુરના ૬૪ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમ્યાન અવસાન થયુ છે. આ સાથે જિલ્લામાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૬૫ થઈ છે.

જિલ્લામાં નોંધાયેલા દર્દીઓના વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રની ચિંતા ઘેરી બની રહી છે. તંત્ર દ્વારા દર્દીઓના મૃત્યુ અંગે જ્યાં સુધી તેમનું ડેથ ઓડિટનું કામ પૂર્ણ ના થાય ત્યાં સુધી વિગતો આપવાથી દૂર રહેવાનો અભિગમ અપનાવ્યો છે. જેથી લોકોમાં ચિંતા વધી રહી છે.

જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાંથી ૧૦, કલોલમાંથી પાંચ અને માણસા તાલુકામાંથી બે કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોબા ગામમાં પણ કોરોનાના કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. કોબા ગામેથી આજે વધુ બે નવા કેસ મળ્યા છે.

કોબામાંથી એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી ઈલેકટ્રીકના વ્યવસાય સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી આજે ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો ગાંધીનગરની પૂર્વ પટ્ટીમાં પણ હવે કેસો ધીમી ગતિએ વધી રહ્યા છે. આજે કાનપુર ગામેથી એક ૧૦ વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત આલમપુર નજીક આવેલ મિલિટ્રી કેમ્પસમાંથી પણ એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઉનાવા ગામેથી ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજામાં પણ કોરોનાએ પુનઃ માથુ ઉંચક્યુ છે અને આજે વધુ એક કેસ પોઝીટીવ આવ્યો છે. જેમાં ૪૪ વર્ષના પુરૂષનો સમાવેશ થાય છે.

વાવોલ પણ જે હોટસ્પોટ બની ચુકેલ છે ત્યાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૬૮ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલના વધુ એક મહિલા તબીબ સહિત વધુ ૭ લોકો કોરોનાની ઝપટમાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ સાત કેસ આજે નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૪૨૨ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસમાં એક મહિલા તબીબ, પશુપાલન વિભાગના સેક્શન અધિકારી, શાકભાજીનો વેપારી તેમજ બિજનેશ ડેવલપમેન્ટ ઓફિસરનો અને ૪ ગૃહીણીનો સમાવેશ થાય છે.

**સેક્ટર-૪, સેક્ટર-૧૨, સેક્ટર-૨, સેક્ટર-૨૭, સેક્ટર ૩-એ-ન્યુ અને સેક્ટર-૫-સીમાંથી નવા કેસ મળ્યા**

શહેરમાં આજે કોરોનાની સારવાર દરમ્યાન એક દર્દીનું મોત પણ થયુ છે. જો કે આ દર્દી કો-મોર્બીડ હોવાનું જાણવા મળેલ છે. સે. ૩૦ માં રહેતા અને ગાંધીનગર સિવિલમાં એક સપ્તાહથી પણ વધુ સમયથી સારવાર હેઠળ આ દર્દી હતા. મળતી વિગતો પ્રમાણે બે દિવસ પહેલાં આ દર્દીને ઓક્સીજન પર લેવામાં આવ્યા હતા.

શહેરમાં આ દર્દીના મોત સાથે સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૧૨ થઈ છે.

શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. ૩૦૦ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૧૨ માંથી એક જ પરિવારમાંથી બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમાં એક ૨૪ વર્ષીય મહિલા તબીબ જે સિવિલ હોસ્પિટલમાં ફરજો બજાવે છે તેનો પણ

● અનુસંધાન પાન-૭ પર



ગણેશોત્સવનું કાઉન્ટ-ડાઉન - આગામી દિવસોમાં ગણેશોત્સવની ઉજવણી થશે... જેના પગલે ગણપતિબાપાની મૂર્તિઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે... અમદાવાદના અલગ-અલગ વિસ્તારોમાં કારીગરો દ્વારા ગણપતિબાપાની નાની-નાની મૂર્તિઓ તૈયાર કરાઈ રહી છે... આ વર્ષે સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણીની શક્યતા ઓછી છે ત્યારે ઘરે-ઘરે ગણપતિ સ્થાપન થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને વધુ સંખ્યામાં મૂર્તિઓ તૈયાર કરાઈ રહી છે...

# વરસાદની પેટર્નમાં બદલાવની સાથે જિલ્લાની ખરીફ વાવણીની પેટર્નમાં પણ બદલાવ

## જિલ્લામાં ૮૧ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં ખરીફ વાવણીની કામગીરી સંપન્ન

ગાંધીનગર, તા. ૨૬

ખરીફ ૠતુની વાવણીની કામગીરી તેના અંતિમ ચરણમાં પ્રવેશી ચુકી છે અને જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦ ટકા જેટલા વિસ્તારમાં વાવણીની કામગીરી સંપન્ન થઈ ચુકી છે.

ખરીફ વાવણીના આ અંતિમ તબક્કામાં ગુવાર, ડાંગર, દિવેલા અને ફેર રોપણીના શાકભાજીના પાકોનું વાવેતર વધશે તેમ જોવા મળી રહ્યું છે.

જિલ્લામાં વાવણીલાયક ૧ લાખ ૪૦ હજાર હેકટરમાંથી અત્યાર સુધીમાં ૮૧ હજારથી વધુ હેકટરમાં ખરીફ વાવણીની કામગીરી સંપન્ન થઈ ચુકી છે. જિલ્લામાં આકાશી ખેતીનું જિલ્લાના અર્થકારણમાં આગવુ સ્થાન છે. જિલ્લાના મુખ્ય પાક ગણાતા કપાસનું વાવેતર આ વખતે ઘટવા પામ્યુ છે.

લોકડાઉન તેમજ મંદી અને શ્રમિકોના પ્રશ્નો વચ્ચે પણ સમયસર ચોમાસાના આગમન સાથે જ ખેડૂતો દ્વારા ઉત્સાહસભર વાતાવરણમાં વાવણીનું કાર્ય આગળ ધપી રહ્યુ છે. આ વખતે પણ ખરીફની વાવણી બે તબક્કે થઈ છે. જો કે હજુ ગરમીનું તાપમાન નીચે નહિ આવતું હોવાથી ખેડૂતોને ભીતરમાં થોડીક ચિંતા જરૂર સતાવી રહી છે.

આ વખતે જિલ્લામાં વરસાદની પેટર્નમાં બદલાવ જોવા મળ્યો છે. શ્રાવણના સરવરિયા કે હેલી જેવો વરસાદ હજુ સુધી જોવા મળ્યો નથી આમ છતાં જિલ્લામાં સીઝનનો વરસાદ ૪૦ ટકાથી વધુ થઈ ચુક્યો છે.

જિલ્લામાં વરસાદની પેટર્નમાં બદલાવની સાથે પાક પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસમાં વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે. આ ઉપરાંત ડાંગરના પાકનું

● અનુસંધાન પાન-૭ પર

# શાળાઓમાં એકમ કસોટીનુ આયોજન પડતુ મુકવા શિક્ષણમંત્રીને રજુઆત

## ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ મોબાઇલ, ટીવી અને કનેક્ટીવીટી સહીતના પ્રશ્ને પરેશાન : એકમ કસોટીમાં પેપરો જમા કરાવાનુ પણ સંક્રમણની દ્રષ્ટીએ ખતરારૂપ

ગાંધીનગર તા ૨૬

કોરાનાની મહામારીના સંજોગોમાં શાળાઓમાં એકમ કસોટી બંધ રાખવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ઓનલાઈન શિક્ષણ આપવાની વાતો વચ્ચે ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક વિદ્યાર્થીઓ પાસે ટી વી કે મોબાઈલની પણ સુવિધા નથી ત્યારે એકમ કસોટીનુ આયોજન યોગ્ય નથી બીજીતરફ કોરોનાનુ સંક્રમણ પણ વધવાનો ભય છે. આવા સંજોગોમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે એકમ કસોટીનુ આયોજન પડતુ મુકવા પણ શિક્ષણમંત્રીને રજુઆત કરી છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ઘનશ્યામ પટેલે આ અંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને રજુઆતમાં જણાંવ્યા અનુસાર શાળાઓમાં ચાલુ મહીનાના અંતમાં એકમ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. બીજીતરફ રાજયમાં કોરોનાનુ સંક્રમણ પણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે.

જયારે ઓનલાઈન શિક્ષણના ટ્રેન્ડ વચ્ચે ગ્રામ્ય વિસ્તારમાં હોમ લર્નિંગનો કન્સેપ્ટ પણ અસરકાર હોવાનુ જણાંતુ નથી ગામોમાં મોબાઈલ ટી વી તેમજ કનેક્ટિવીટી સહીતના અનેક પ્રશ્નો વિદ્યાર્થીઓ માટે મુંઝવણરૂપ છે. આવા સંજોગોમાં એકમ કસોટીનુ આયોજન યોગ્ય નથી. જયારે એકમ કસોટી બાદ શાળામાં પેપરો જમા કરાવાના હોવાથી વાલીઓ અને શિક્ષકો તેમજ શાળાના સ્ટાફમાં પણ કોરોનાનુ સંક્રમણ ફેલાવાનો ભય છે. આવા સંજોગોમાં એકમ કસોટી સ્થગિત કરવામાં આવે તે જરૂરી છે. તેમ પણ મંડળે શિક્ષણમંત્રાની રજુઆતમાં જણાંવ્યુ છે.

# અમદાવાદ સિવિલ કેમ્પસ બોંબ બ્લાસ્ટને બાર વર્ષ પૂર્ણ થયા

## દેશમાં પ્રથમ ઘટના હશે જેમાં હોસ્પિટલ પર હુમલો થયો હોય

અમદાવાદ, તા. ૨૬

૨૬ જુલાઈ ૨૦૦૮.... સિવિલ હોસ્પિટલમાં પણ બોમ્બ બ્લાસ્ટ થયો હતો. એ ગોઝારો દિવસ... કદાચ આ દિવસ સૌ ભૂલવા માંગે છે, પરંતુ ભુલી શકાય તેમ નથી. ઘટનાને ૪૩૮૦ દિવસ વીતી ગયા એ ઘટનાને.... બોમ્બ બ્લાસ્ટના એ ગોઝારા દિવસ પૂરતી આખી સિવિલ હોસ્પિટલ હતપ્રભ થઈ ગઈ હતી. પણ બીજી જ મિનીટથી તંત્ર દોડતુ થઈ ગયું હતું. સિવિલ હોસ્પિટલમાં તમામ સ્ટાફ ૧૫ મિનિટમાં જ ફરજ પર દોડી આવ્યો હતો. એક ડોક્ટર માટે દર્દી કોણ છે એ મહત્વનું નથી હોતુ. દર્દીને શું દર્દ છે એ જ એના માટે મહત્વનું હોય છે અને દર્દીનું દર્દ ઓછુ કરવા જે કરવું પડે એ જ એની પવિત્ર ફરજ હોય છે. જોકે બેશક આજથી ૧૨ વર્ષ પહેલા બનેલી ઘટના બધાને ચોંકાવનારી હતી. સિવિલ હોસ્પિટલના એક-એક તબીબ, નર્સ, પેરા મેડિકલ સ્ટાફ જાણે પોતાના સ્વજન હોય તેવા ભાવથી દર્દીઓની સેવા કરી રહ્યા છે. અમારી સેવા-સુશ્રુષા કે સંવેદનામાં ક્યારેય ઓટ નથી આવી.. એવું કહેનારા તબીબો સિવિલ હોસ્પિટલમાં હતા.

દેશમાં આ પ્રથમ ઘટના હશે, જેમાં કોઈ હોસ્પિટલ પર આતંકી હુમલો કદાચ સૌ પ્રથમ વખત થયો હતો. ઘાયલોની સેવા કરનારાઓને જ ઘાયલ કરવાની એ પેરવી હતી. કદાચ અમારામાં પણ એ વખતે ધૃણા આવી હશે. પણ અમારી

**વર્ષ ૨૦૦૮માં આજના દિવસે સિવિલ હોસ્પિટલનું કેમ્પસ બોંબ બ્લાસ્ટથી ધ્રૂજી ઉઠ્યું હતું**

સંવેદના એ ધૃણા પર હાવી થઈને હજી અકબંધ ટકી રહી છે. કોરોનાના દર્દીઓ પ્રત્યેની એ સંવેદના જ અમને જીવંત રાખી રાખી રહી છે. એમ તેઓ કહે છે.

આટલા વર્ષોના વાયરાઓ વીત્યા બાદ પણ હજુ ઘણા પરિવારો બૉમ્બ બ્લાસ્ટના અવાજોની યાદ આવતા જ ધ્રુજી જાય છે.

સિવિલમાં ડોક્ટરોની સારવાર અને સેવા સમયસર ન મળી હોત તો કદાચ મૃત્યુઆંક ઘણો જ વધારે જોવા મળ્યો હોત.

# ગાંધીનગર ડેપોને કોરોના કાળમાં આવકમાં ૫ કરોડનો ઘટાડો

## ગાંધીનગર ડેપોએ મુસાફર પાસ યોજના અન્વયે ૮૦ ટકા આવક ગુમાવી : ગત વર્ષની સાપેક્ષમાં છેલ્લા ચાર મહીનામાં જ આવકમાં જ ૫ કરોડનો ઘટાડો

ગાંધીનગર તા ૨૬

કોરાનાના કપરા કાળ દરમિયા વેપાર ધંધાને મોટુ આર્થિક નુકશાન થયુ છે. જયારે આમ નાગરિકો માટે દોડતી એસ ટી બસ સેવા પણ વિશેષ રીતે પ્રભાવિત થઈ છે. કોરાનાના લોકડાઉન દરમિયાન એસ ટી બસ સેવા પણ સદંતર બંધ રહી હતી જયારે ગત વર્ષમાં માર્ચ થી જુન દરમિયાન ગાંધીનગર ડેપોએ ૬.૨૦ કરોડની આવક કરી હતી જયારે વર્ષ ૨૦૨૦ માં આ સમયગાળા દરમિયાન ડેપોએ માત્ર ૧.૪૨ કરોડની આવક કરી છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૮૦ ટકા ઓછી છે.

ગુજરાત એસ ટી નિગમની સલામત સવારી માર્ગો પર દોડતી થઈ છે. પરંતુ હજુ કોરોના ઈફેકટના લીધે એસ ટી બસોમાં ટ્રાફિક જોવા મળતો નથી ગાંધીનગર એસ ટી ડેપોમાં પણ તબક્કાવાર બસ સેવા શરૂ કરવામાં આવી છે.

પ્રાથમિક તબક્કે કર્મચારીઓને અનુલક્ષીને પોઈન્ટ બસ સેવા શરૂ કરવામાં આવી હતી જયારે ત્યારબાદ ઉત્તર ગુજરાતના સહીત સૌરાષ્ટ્ર વિસ્તારના લાંબા અંતરની બસ સેવા પણ શરૂ કરવામાં આવી છે. જયારે છેલ્લા કેટલાક દિવસથી ત્રણ મહીનાથી બંધ શહેરી બસ સેવા પણ શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ હજુ શહેરી બસ સેવામાં પુરતો ટ્રાફિક મળતો નથી મોટાભાગની બસ ખાલી દોડે છે. આવા સંજોગોમાં કોરાનાકાળ દરમિયાન એસ ટી નિગમે પણ કરોડોની આર્થિક ખોટ કરવાનો વારો આવ્યો છે. શહેરના એસ ટી ડેપો દ્વારા હાલ શહેરી બસ સેવા શરૂ કરવામાં આવી છે.

પરંતુ કોરોનાના સંક્રમણના લીધે આમ નાગરિકો બને ત્યાં સુધી બસ સેવાનો ઉપયોગ કરતા નથી ત્યારે મુસાફર પાસ યોજના અન્વયે પણ એસ ટી નિગમને થતી આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગત વર્ષ દરમિયાન અલબત્ત વર્ષ ૨૦૧૯માં માર્ચ થી જુન મહીના દરમિયાન ગાંધીનગર ડેપોએ મુસાફર પાસ યોજના અન્વયે અંદાજિત રૂ ૬.૨૦ કરોડની આવક કરી હતી. જયારે માર્ચ ૨૦૨૦ થી જુન દરમિયાન એસ ટી ડેપોએ આ યોજના અન્વયે માત્ર ૧.૪૨ કરોડની આવક જ કરી છે. આમ એસ ટી ને મુસાફર પાસ યોજના અન્વયે પણ મોટી આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના ચેપથી બચવા રેલવે સ્ટેશન પર QR સિસ્ટમ શરૂ

## યાત્રીએ ક્યુઆર કોડ બતાવવાનો રહશે : જેના કારણે ટિકિટને હાથ લગાવ્યા વગર જ ટિકિટ ચેકીંગ થઈ જશે

અમદાવાદ, તા. ૨૬

કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે સોશિયલ ડિસ્ટન્સનું ખૂબ મહત્વ છે. ત્યારે ટ્રેનમાં પ્રવાસ કરતા પેસેન્જર અને કર્મચારીનું સ્વાસ્થ્ય સલામત રહે તે પણ મહત્વનું છે. પેસેન્જર અને રેલવે કર્મચારીઓ એકબીજાના સીધા સંપર્કમાં ન આવે તે માટે ટ્રેન અને પ્લેટફોર્મ પર ક્યુઆર કોડ સિસ્ટમ શરૂ કરાઈ છે.

જેના કારણે પેસેન્જર અને ટીસી એક બીજાના સીધા સંપર્કમાં આવશે નહિ. જેના કારણે કોરોનાથી બચી શકાય. રેલવેની સહયોગી સંસ્થા સેન્ટર ફોર રેલવે ઈન્ફર્મેશન સિસ્ટમ દ્વારા પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ દ્વારા બુક થતી રિઝર્વ ટિકિટોની ચેકિંગ માટે ક્યુઆર કોડ આધારિત ચેકિંગ સિસ્ટમ વિકસાવી છે. ક્યુઆર કોડ કેવી રીતે જનરેટ થશે. જેની માહિતી રેલવે અધિકારી ડી.એમ. શર્માએ જણાવ્યું હતું કે, ટ્રેનની ટિકિટ પેસેન્જર બૂક કરાવશે. એટલે પેસેન્જર જે મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન કરાવ્યો હશે. તે નંબર પર મેસેજ આવશે. મેસેજમાં એક લિંક હશે. જે લિંક ઓપન કરતા ક્યુઆર કોડ ઓપન થશે. જેને ટીસી દ્વારા કોર્ડને સ્કેન કરવામાં આવશે. કોડ સ્કેન થતાની સાથે પેસેન્જરની વિગત મળી જશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com